ગુજરાતમિત્ર

# નવસારી-વલસાડ-વાપી

| તાપમાન | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| નવસારી | ૩૫.૦° સે. | ૨૦.૦° સે. |
| આહવા | ૩૫.૦° સે. | ૧૮.૦° સે. |
| વલસાડ | ૩૫.૦° સે. | ૧૯.૦° સે. |
| વાપી | ૩૫.૦° સે. | ૧૯.૦° સે. |



## સંક્ષિપ્ત સમાચાર

### વાપી હાઈવે પર કારને સાઈડ આપવા જતા ટ્રક પલટી

વાપી : વાપી હાઈવે પર રાત્રીના સમયે કારને સાઈડ આપવા ગયેલ ટ્રક પલટી મારી ગઈ હતી. મળતી વિગત અનુસાર,વડોદરાથી ટ્રક ટેલર લઈને માલજી ભગવાનભાઈ ઠાકોર (ઉં.38, રહે. ગાંધીધામ) ઉમરગામ ખત્તલવાડામાં આવેલી કંપનીમાં કેબલ ડ્રમ ભરવા માટે આવ્યા હતા અને તે માલસામાન કચ્છ ખાલી કરવા માટે નીકળ્યા હતાં. તેઓ ટ્રકને હંકારી લઈ રાત્રીના સમયે વાપી ને.હા.નં.48, દમણગંગા બ્રિજ પાર કરી થોડે આગળ સીઈટીપી પ્લાન્ટ પાસેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે પાછળ કાર આવતી હોય જેને સાઈડ આપવા ગયા હતા ત્યારે ટ્રકનો કાબુ રહ્યો ન હતો અને ટ્રક સાઈડમાં પલટી ગઈ હતી. જે અકસ્માતમાં ચાલક માલજીભાઈ કેબીનમાં ફસાઈ ગયો હતો અને તેને ભેગા થયેલા લોકોએ તેને બહાર કાઢ્યો હતો. અકસ્માતની જાણ ટ્રકચાલક માલજીભાઈએ વાપી ઉદ્યોગનગર પોલીસ મથકમાં કરી હતી.

### વાપીથી એલસીબી ટીમે ટેમ્પામાં ભરેલા દારૂના જથ્થા સાથે ચાલક-ક્લીનરને ઝડપ્યા

વાપી : વાપી યુપીએલ ઓવરબ્રિજ નજીકથી એલસીબી ટીમે ટેમ્પામાંથી રૂ.2.76 લાખનો દારૂના જથ્થા સાથે ટેમ્પા ચાલક-ક્લીનરને ઝડપી પાડ્યા હતાં. મળતી વિગત અનુસાર, એલસીબી ટીમે બાતમી આધારે, વાપી જીઆઈડીસી યુપીએલ ઓવરબ્રિજ નજીક વોચ ગોઠવી હતી. તે દરમિયાન વર્ણવેલા નંબરવાળો ટેમ્પો આવતા તેને અટકાવ્યો હતો. ટેમ્પામાં તપાસ કરતા ખાલી હતી જો કે, તેની અંદર ચોરખાનુ બનાવેલું હોય અને તેમાંથી રૂપિયા 2,76,000નો દારૂ-બીયર જથ્થો મળી આવ્યો હતો. પોલીસે ટેમ્પાચાલકનું નામઠામ પૂછતા મનિષ રમેશભાઈ બુઢાણીયા (ઉં.19), ક્લીનર સજ્જનકુમાર ગિરધારીલાલ દૂત (ઉં.33,બંને રહે. રાજસ્થાન) હોવાનું જણાવ્યું હતું. આ દારૂનો જથ્થો આપનાર, ભરાવનાર અને મંગાવનારા અંકિત પારેખ, રાહુલ, અજ્જુ તથા રાહુલને વોન્ટેડ બતાવ્યા હતાં. પોલીસે ટેમ્પો, દારૂનો જથ્થો અને મોબાઈલ ફોન મળી કુલ રૂપિયા 13,86,000નો મુદ્દામાલ કબજે કરી વાપી ઉદ્યોગનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

### ધરમપુર તાલુકામાં અકસ્માતના બે બનાવમાં બે ના મોત

ધરમપુર : ધરમપુર તાલુકાના બે ગામમાં બે અલગ અલગ જગ્યાએ યુવાન અને આધેડ મોતને ભેટ્યા હોવાની માહિતી ધરમપુર પોલીસ મથકે નોધાવા પામી છે. ધરમપુરના ખટાણા ગામમાં રહેતા દેવજી પટેલ (ઉ 62) પોતાની બાઇક ઉપર ઘર તરફ પરત આવી રહ્યાં હતા. તેજ અરસામાં કરંજવેરી ગામ નજીક ટ્રકના ચાલક હેમલાલ નિષાદ (રહે રાયગઢ)એ ટ્રક પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી બાઈકને અડફેટમાં લેતા બાઈક પાછળ બેસેલા ગણપત માહલા (ઉ 54) રોડ ઉપર પટકાતા ગંભીર ઈજા પહોચી હતી. જ્યારે બાઇક ચાલક આધેડ જેસીંગ પટેલને કમરના ભાગે ટ્રકનું ટાયર ફરી વળતાં આધેડનું મોત નિપજ્યું હતું. જે બનાવ બાબતે ફરિયાદ મૃતકના પુત્ર નીતિન પટેલે નોંધાવી હતી. બીજા બનાવમાં ધરમપુરના પીપરોડમાં રહેતાં જેનીશ હેદોળે (ઉ.20) પોતાની બાઇક ઉપર ઘરે પરત ફરી રહ્યા હતા ત્યારે બિલધા ગામે પુલ ઉપર બાઈક સ્લીપ થતાં જેનીસ નીચે પટકાતાં મોઢાનાં ભાગે ગંભીર ઈજા પહોચતાં મોત નિપજ્યું હતું. જ્યારે બાઈક પાછળ બેસેલી પત્ની બાયજીબેનને ગંભીર ઈજા પહોચતાં સરકારી હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. જે અંગેની ફરિયાદ ધરમપુર પોલીસ મથકે આપતાં પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

### વાપી ટાંકી ફળિયામાં જુગાર રમતા ત્રણ ઝડપાયા

વાપી : વાપી ટાંકી ફળિયા પાસે ભીખી માતા મંદિરની બાજુમાં ખુલ્લી જગ્યામાં ત્રણ શખ્સો તીન પત્તી જુગાર રમતા વાપી ટાઉન પોલીસના હાથે ઝડપાઈ ગયા હતા. વાપી ટાંકી ફળિયા વિસ્તારમાં ખુલ્લામાં તીન પત્તી જુગાર રમાતો હોવાની બાતમીને આધારે પોલીસે રેડ કરતા ટાંકી ફળિયાના રહેવાસી નિલેશ મગનભાઈ પટેલ તેમજ પારૂલ બાબુલાલ શર્મા તથા બલીઠાના રહેવાસી આકાશ ભોલાનાથ ગૌણને ઝડપી પાડ્યા હતા. વાપી ટાઉન પોલીસે રોકડ તેમજ ત્રણ મોબાઈલ ફોન સાથે ૨૫,૬૨૦નો મુદ્દામાલ કબજે લઈ ત્રણે શખ્સોની જુગારની કલમ હેઠળ ગુનો નોંધી અટક કરી હતી.

### ચીખલીના ઘેજ ગામમાં શ્રીમદ ભાગવત કથામાં મોટી સંખ્યામાં ભક્તો જોડાયા




ઘેજ : ચીખલી તાલુકાના ઘેજ ગામના છતરીયા ફળિયામાં પિતૃઓના મોક્ષાર્થે ચાલી રહેલી શ્રીમદ ભાગવત કથામાં મટકી ફોડી રાસ ગરબા સાથે ભગવાન શ્રીકૃષ્ણના જન્મોત્સવની ભવ્ય ઉજવણીમાં મોટી સંખ્યામાં ભક્તો જોડાઈ ભગવાનનું પારણું ઝુલાવી નંદ ઘર આનંદ ભર્યો જય કનૈયા લાલ કી નાદ સાથે વાતાવરણ ગુંજી ઊઠ્યું હતું. છતરિયા ફળિયામાં હેતલબેન અને કેતનભાઇ જયંતીભાઈ પટેલના મુખ્ય યજમાન પદે આયોજિત શ્રીમદ ભાગવત કથામાં વ્યાસપીઠ પરથી સંગીતમય કથાનું રસપાન કરાવતા ખેરગામવાળા કથાકાર દર્શનભાઈ દેવુભાઈ જોષીએ કદર્મ ઋષિ અને દેહુતિના લગ્ન અને સાંસારિક જીવનનું વર્ણન કરવા સાથે જણાવ્યું હતું કે જેટલા સંસારીઓને પ્રભુ પ્રાપ્ત થયા એટલા સન્યાસીઓને થયા નથી. ભગવાન સુધી તમારી ભાષા નહીં પરંતુ તેમાં રહેલો ભાવ પહોંચે છે. કદર્મ ઋષિ અને દેહુતિના ઘરે નવ દીકરીઓ જન્મ લેવાનો પ્રસંગ સાથે તેમણે શ્રવણ કીર્તન ભગવાનનું સ્મરણ પગની સેવા વંદન સંબંધ મિત્રતા સમર્પિત સહિતની નવધા ભક્તિ વિશે સમજાવી જીવનમાં નવધા ભક્તિ ન આવે ત્યાં સુધી ભગવાનનું પ્રાક્ટય થતું નથી તેમ જણાવ્યું હતું.

### જલાલપોર તાલુકાના સીમળગામ ખાતે નેત્રરોગ નિદાન કેમ્પ યોજાયો



નવસારી : માનવ સેવા એજ માધવ સેવા સૂત્રને વરેલી શ્રી સત્યસાંઈ સેવા સમિતિ કડોલી-મરોલી વિભાગ ટીમ દ્વારા જલાલપોર તાલુકાના સીમળ ગામની પ્રાથમિક શાળા ખાતે નિ:શુલ્ક નેત્રરોગ નિદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં સીમળગામ સહિત આસપાસના ગામોમાંથી 287 જેટલા લોકોએ લાભ લીધો હતો. જેમાં 160 જેટલા દર્દીઓને વિનામૂલ્યે ચશ્માંનું વિતરણ કરવામાં આવ્યું હતું. જ્યારે 43 દર્દીઓને મોતિયાંના ઓપરેશન અને 3 દર્દીઓને ઝામરના ઓપરેશનની જરૂરિયાત જણાતા તેઓને પણ વિનામૂલ્યે ઓપરેશન કરી આપવામાં આવશે. નવસારી જિલ્લાના જલાલપોર તાલુકાના મરોલી ખાતે તબીબી સેવા આપતા ડો. ચેતન મહેતા અને સત્યસાંઈ સેવા સમિતિ આયોજિત આ કેમ્પમાં નવસારી આશીર્વાદ હોસ્પિટલના જાણીતા નેત્રરોગ નિષ્ણાંત ડો. નીતિન પટેલ અને તેમની ટીમે સેવા આપી હતી. ઉલ્લેખનીય છે કે સત્ય સાંઇ સેવા સમિતિ કડોલી મરોલી વિભાગ ભગવાન શ્રી સત્ય સાંઈ બાબા આશીર્વાદથી છેલ્લા ઘણા વર્ષોથી ખાસ કરીને સમાજમાં આર્થિક રીતે પછાત એવા નવસારી, વલસાડ, ડાંગ જિલ્લાના અંતરિયાળ વિસ્તારોમાં વિવિધ સેવાકીય કાર્યો કરી માનવ સેવા એજ માધવ સેવા સૂત્રને સાકાર કરવાનું કામ કરે છે.

### રાનકુવા ચીખલી માર્ગ ઉપરથી અજાણ્યા વૃધ્ધની લાશ મળી આવી

ઘેજ : રાનકુવા ચીખલી માર્ગ ઉપર માણેકપોર ગામ પાસેથી અજાણ્યા ૬૦ થી ૬૫ વર્ષીય વૃધ્ધની લાશ મળી આવી હતી. બનાવની પોલીસ મથકેથી પ્રાપ્ત માહિતી અનુસાર રાનકુવાથી ચીખલી તરફ જતા માર્ગ ઉપર ઓમ નિલકંઠ સિમેન્ટ કંપની સામે એક અજાણ્યો ભિક્ષુક જેવા શખ્સની લાશ મળી આવતા પોલીસે કબ્જો લઈ વધુ તપાસ હાથ ધરી હતી. મરનાર શખ્સે શરીરે કાળા તથા રાખોડી કલરનો પેન્ટ તથા ગરમ જેકેટ પહેરેલું છે.

## વિજલપોર ફાટકનું ગરનાળું સાફ કરાવાતા લોકોને રાહત

**વર્ષોથી** ગરનાળામાં ડ્રેનેજનું ગંદુ પાણી ભરાઈ રહેતું હોવાથી ગરનાળું બંધ કરાયું હતું

**વિજલપોર** ફાટક લાંબા સમય સુધી બંધ રહેતા બાઈક ચાલકો માટે ગરનાળું સાફ કરાયું



નવસારી : વર્ષોથી ડ્રેનેજનું ગંદુ પાણી ભરાઈ રહેતા બંધ થયેલા વિજલપોર ફાટક પાસેના ગરનાળાની સાફ-સફાઈ શરુ કરવામાં આવી છે. ત્યારે વિજલપોર ફાટક કલાકો સુધી બંધ રહેતા અટવાયેલા બાઈક ચાલકો ગરનાળામાંથી પસાર થઈ શકશે. જેથી ગરનાળાની સાફ-સફાઈ કરાવતા લોકોને ફાટક ખુલવાની રાહ જોવાથી રાહત મળશે.

નવસારી-વિજલપોર નગરપાલિકા વિસ્તારમાંથી વિજલપોર અને નવસારી ફાટક આવ્યા છે. જોકે નવસારી રેલ્વે ફાટક પાસે રેલ્વે ઓવરબ્રિજ તૈયાર થઈ ગયો હોવાથી વાહન ચાલકો રેલ્વે ઓવરબ્રિજ તેમજ ગરનાળાનો ઉપયોગ કરી રહ્યા છે. પરંતુ રેલ્વે તંત્રએ નવસારી રેલ્વે ફાટક બંધ કરી દીધો છે. તો બીજી તરફ વિજલપોર ફાટક ઉપર પણ રેલ્વે ઓવરબ્રિજ બનવાની કામગીરી ચાલી રહી છે. પરંતુ વિજલપોર રેલ્વે ઓવરબ્રિજની કામગીરી ધીમી ગતિએ ચાલી રહી છે. જેથી હાલ પર લોકો વિજલપોર ફાટક ક્રોસ કરી રહ્યા છે.

વિજલપોર ફાટક પાસે ગરનાળું આવ્યું છે. પરંતુ આ ગરનાળામાં ડ્રેનેજનું ગંદુ પાણી ભરાઈ રહેતું હોવાથી ગરનાળું બંધ હતું. વર્ષોથી વિજલપોર ફાટક પાસેનું ગરનાળું બંધ હાલતમાં હતું. જેથી લોકો વિજલપોર ફાટક ક્રોસ કરવા મજબુર બન્યા હતા.

### વાહન ચાલકો ફાટક ખુલવાની રાહ જોયા વિના જ ફાટકની બીજી તરફ જઈ શકે

હાલ નવસારી-વિજલપોર નગરપાલિકા દ્વારા વિજલપોર ગરનાળામાં ભરાયેલું ડ્રેનેજનું ગંદુ પાણી બહાર કાઢી સફાઈ કરવાનું કામ હાથ ધર્યું છે. પરંતુ ગરનાળું સફાઈ કરી ખુલ્લું મુક્યા બાદ કાર, ટેમ્પા કે અન્ય મોટા વાહનો પસાર થઈ શકે તેમ નથી. જોકે બાઈક અને મોપેડ ગરનાળામાંથી પસાર થઈ શકે તેમ હોવાથી બાઈક ચાલકો અને મોપેડ ચાલકોએ ફાટક ખુલવાની રાહ જોયા વિના જ ફાટકની બીજી તરફ જઈ શકે છે. જેથી ગરનાળું સાફ કરવાથી લોકોને ફાટક ખુલવાની રાહ જોવાથી રાહત મળશે.

પરંતુ વિજલપોર ફાટક પણ ટ્રેનોની સતત અવર-જવરને કારણે મોડે સુધી બંધ રહેતું હતું. જેના કારણે વિજલપોર ફાટક ખુલવાની રાહમાં વાહન ચાલકો મોડે સુધી ઉભા રહે છે. જેથી ટ્રાફિકની સમસ્યા પણ રહેતી હોય છે.

## રાબડાના માં વિશ્વંભરી તીર્થધામે દિપાવલીના પાવન પર્વ પર ભક્તોની ભારે ભીડ



■ વલસાડ : દિવાળીના પવિત્ર પર્વ પર વલસાડ જિલ્લાના રાબડા ગામમાં, લીલુછમ પ્રાકૃતિક સૌંદર્ય અને પાર નદીના કિનારે સ્થિત માં વિશ્વંભરી તીર્થયાત્રા ધામમાં ભક્તોની ભીડ ઉમટી પડી હતી. આ તીર્થધામમાં દર્શનાર્થીઓને મનની ખરા અર્થની શાંતિ અને સ્વર્ગ સમાન અનુભૂતિ મળે છે. મોક્ષ પામવાની ઇચ્છા ધરાવતા માનવીઓ માટે આ ધામ એક દીવાદાંડી સમાન બની રહ્યું છે. આ અલૌકિક ધામનું નિર્માણ માત્રને માત્ર ૯૦ દિવસમાં જ થયેલુ છે. આ ધામના સ્થાપક શ્રી મહાપાત્ર, માં વિશ્વંભરીનો દિવ્ય સંદેશ “અંધશ્રદ્ધા છોડીને ઘર તરફ પાછા વળો અને ઘરને જ મંદિર બનાવો” સમસ્ત માનવી સુધી પહોંચે અને દરેક પોતાના ઘરને એક પવિત્ર મંદિર બનાવે એ માટે અથાગ પુરુષાર્થ કરી રહ્યા છે. દિવાળી વેકેશનને લઈ દૂર દૂરથી દર્શનાર્થીઓની ભારે ભીડ જોવા મળી રહી છે. વિશ્વંભરી યાત્રાધામના સમગ્ર પરિસરમાં જોવાલાયક સ્થળોએ પ્રવાસી શ્રધ્ધાળુઓ એક અલગ પ્રકારની આનંદમયી અનુભૂતિનો અહેસાસ કરી રહ્યા છે.

## ઉમરગામ GIDCમાં પ્લાસ્ટિકની કંપનીમાં ભીષણ આગથી દોડધામ

**મેજર** કોલ જાહેર કરાતા આગ બુજાવવા વલસાડ જિલ્લાના ફાયર ફાઈટરો ઘટના સ્થળે દોડી આવ્યા



ઉમરગામ : ઉમરગામ GIDC માં આવેલી એક પ્લાસ્ટિકની કંપનીમાં મોડી રાત્રે ભીષણ આગથી દોડધામ મચી જવા પામી હતી. મેજર કોલ જાહેર કરાતા આગ બુજાવવા વલસાડ જિલ્લાના ફાયર ફાઈટર ઘટના સ્થળે દોડી આવ્યા હતા.

ઉમરગામ જીઆઇડીસી થર્ડ ફેસમાં આવેલી ક્લિયર પોલિપ્લાસ્ટ નામની પ્લાસ્ટિકના ફોલ્ડર અને મટીરીયલ બનાવતી કંપનીમાં શનિવારે રાત્રે દસેક વાગ્યાના સુમારે અચાનક આગ લાગવાનો બનાવ બનતા ધૂમાડાના ગોટેગોટા આકાશમાં છવાઈ ગયા હતા. કંપનીમાં રાત્રે બે ત્રણ જેટલા કામદારો કામ કરી રહ્યા હોય તેઓ સલામત રીતે બહાર આવી ગયા હતા. આગે ખૂબ વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. જેથી આજુબાજુની અન્ય કંપની પણ ઝપેટમાં આવી જાય તેવી શક્યતાને જોતા મેજર કોલ જાહેર કરાયા હતો. ઉમરગામ પોલીસની ટીમ પણ ઘટના સ્થળે દોડી આવી હતી. આગ બુજાવવા ઉમરગામ જીઆઇડીસી, ઉમરગામ નગરપાલિકા, સરીગામ, વાપી, વલસાડ, ધરમપુર ફાયર ફાઈટરની ટીમ ઘટના ઘટના સ્થળે આવી આગ બુજાવવા કામે લાગી હતી. પાંચેક કલાકની જેહમત બાદ આગ ઉપર સંપૂર્ણ કાબુ મેળવી લેવામાં આવ્યો હતો. આગમાં કંપનીનો શેડ કંપનીમાં રાખેલો માલ સામાન મટીરીયલ બળીને ખાખ થઈ જતા મોટું નુકસાન થવા પામ્યું હતું.

## સાપુતારાનાં સર્પગંગા તળાવમાં પ્રવાસી નાહવા માટે કૂદી પડતા સુરક્ષા વ્યવસ્થા પર સવાલો ઉભા થયા

**સર્પગંગા** તળાવમાં ડૂબી જવાની ઘટના ન બને તે માટે સરકારે બોટિંગની પ્રવૃત્તિ બંધ કરી છે

**સાપુતારાની** નોટીફાઇડ એરિયા કચેરીનાં અધિકારીઓની બેદરકારી સામે આવી




સાપુતારા : સાપુતારા નોટિફાઈડ કચેરીએ સાપુતારાના પ્રવાસન સ્થળોની સુરક્ષા માટે સિક્યુરિટી ગાર્ડ તૈનાત કર્યાના દાવા કર્યા હતા. પરંતુ આજરોજ એક પ્રવાસી તળાવમાં કૂદી પડ્યો ત્યારે સિક્યુરિટી ગાર્ડે તેને રોકવાનો પ્રયાસ ન કર્યો એવા સવાલ ઉદભવી રહ્યા છે. આ ઘટનાએ એ વાત સ્પષ્ટ કરી આપી છે કે, સાપુતારામાં પ્રવાસીઓની સુરક્ષા નહિવત પ્રમાણમાં છે. સર્પગંગા તળાવમાં ઊંડા પાણીમાં કૂદી પડેલો પ્રવાસી બેરોકટોક પણે બહાર નીકળી ગયો હતો. ત્યારે તળાવમાં ડૂબી જવાની ઘટના ગમે ત્યારે બની શકે તેમ છે. આ ઘટના બાદ સાપુતારામાં પ્રવાસીઓની સુરક્ષા માટે કડક પગલા લેવાની માંગ ઉઠી છે. પ્રવાસી યુવક તળાવમાં કૂદી પડ્યો ત્યારે જવાબદાર કોને ઠરાવવા? નોટિફાઈડ એરીયા કચેરીના અધિકારીઓ દ્વારા તકેદારીના ભાગરૂપે યોગ્ય કામગીરી કરવામાં નથી આવતી કે કેમ ? આ ઘટનામાં પ્રવાસી યુવક સાથે કોઈ અઘટીત ઘટના બની હોત તો આખરે જવાબદાર કોને ઠરાવવામાં આવ્યા હોત ? આ ઘટના બાદ નોટિફાઈડ એરીયા કચેરીના અધિકારીઓ દ્વારા તકેદારીના ભાગરૂપે યોગ્ય કામગીરી કરવામાં આવશે કે કેમ તે જોવું રહ્યુ. ભલે બોટીંગ બંધ હોય પરંતુ પ્રવાસીઓની સુરક્ષામાં જ વહીવટી તંત્ર ચૂક રાખશે તો આવનાર દિવસોમાં પ્રવાસીઓમાં સાપુતારાની ખરાબ છાપ જશે તેની જવાબદારી કોણ લેશે રિઢુ પ્રવાસન વિભાગ કે પછી વહીવટી તંત્ર જે સમય બતાવશે.

### નવસારી સબજેલના કેદીનું આકસ્મિક રીતે મોત

નવસારી : નવસારી સબજેલના કાચા કામના કેદીનું આકસ્મિક રીતે મોત નીપજ્યાનો બનાવ નવસારી ટાઉન પોલીસ મથકે નોંધાયો છે.

મળતી માહિતી મુજબ, નવસારી દાંડીવાડમાં મહાકાળી માતાજીના મંદિરની સામે સંજયભાઈ ધનસુખભાઈ નાયકા (ઉ.વ. 27) તેમના પરિવાર સાથે રહેતા હતા. સંજયભાઈ હાલમાં ગુનાના કામે નવસારી સબજેલમાં કાચા કામના કેદી તરીકે સજા કાપી રહ્યા હતા. દરમિયાન ગત 6ઠ્ઠીએ સંજયભાઈની તબિયત બગડી હતી. જેથી નવસારી સબજેલના ગાર્ડે સંજયભાઈને સારવાર અર્થે નવસારી સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યા હતા. જ્યાં હોસ્પિટલમાં સારવાર દરમિયાન સંજયભાઈનું મોત નીપજ્યું હતું. આ બનાવ અંગે નવસારી સબજેલના ઈન્ચાર્જ અધિક્ષક પી.સી. સોઢાએ નવસારી ટાઉન પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા આગળની તપાસ પી.એસ.આઈ. વી.પી. ચૌધરીએ હાથ ધરી છે.

### સાપુતારા સહીતના પ્રવાસન સ્થળોએ પ્રવાસીઓ ઉમટી પડ્યા




■ સાપુતારા : રાજ્યનાં છેવાડે આવેલ ડાંગ જિલ્લામાં ઠંડીનાં પગરવની સાથે જોવાલાયક સ્થળોનું વાતાવરણ આહલાદક બની જવા પામ્યુ છે. ડાંગ જિલ્લાનાં ગિરિમથક સાપુતારા સહિત અન્ય જોવાલાયક સ્થળોએ દિવાળી વેકેશન દરમ્યાન પ્રવાસીઓની ભીડ વધી હતી. ગિરિમથક સાપુતારા ખાતે શનિ રવિની રજાઓમાં અસંખ્ય પ્રવાસીઓ ઉમટી પડતા ઠેર ઠેર ટ્રાફિક જામની સ્થિતિ વણસી હતી. સાપુતારા ખાતે ફરવા આવેલ પ્રવાસીઓએ કુદરતી સૌંદર્ય સહિત પેરાગ્લાયડીંગ અને એડવેન્ચર એક્ટિવિટીનો ભરપૂર સ્વાદ માણ્યો હતો. તેવામાં બોટિંગ અને રોપવે બંધ રહેતા સર્પગંગા તળાવ અને નિલગગન આભમાં મલકાતા રોપવેનાં ડબ્બા જોઈ પ્રવાસીઓને ઈર્ષા જાગી હતી. પરંતુ વહીવટી તંત્રનાં પાપે દિવાળીની સિઝનમાં પણ બોટીંગ અને રોપવે ચાલુ ન થતા ફરવા આવેલા પ્રવાસીઓએ તંત્ર સહિત રાજ્ય સરકાર પર ફિટકાર વરસાવ્યો હતો. શનિ રવિની રજાઓમાં ગિરિમથક સાપુતારા, માલેગામનાં રિસોર્ટ, હોટલ સહિત હોમ સ્ટે ખાતે હાઉસફુલનાં પાટીયા ઝૂલી ઉઠ્યા હતા.

## વાપીના ગુંજનમાં રસ્તો ક્રોસ કરતા રાહદારીનું ટેમ્પો અડફેટે મોત

વાપી : વાપી ગુંજન ચાર રસ્તા ઉપર રસ્તો ક્રોસ કરી રહેલા એક રાહદારીને વૈશાલી ચાર રસ્તા તરફથી છીરી તરફ જતા આઈસર ટેમ્પોએ અડફેટે લેતા આગલા વ્હીલમાં આવી જતા હોસ્પિટલમાં સારવાર દરમિયાન રાહદારીનું મોત નીપજ્યું હતું. વાપીના ગુંજન ચાર રસ્તા પાસે સુલપડ ભડકમોરામાં રહેતા ૪૦ વર્ષના સુનિલ સુબેદારદીન રસ્તો ક્રોસ કરી રહ્યો હતો. ત્યારે વૈશાલી ચાર રસ્તા તરફથી છીરી તરફ જવા માટે એક આઈસર ટેમ્પો પૂર ઝડપથી આવતા આઈસર ટેમ્પોએ સુનિલને અડફેટે લીધો હતો. આગળના વ્હીલમાં આવી જતા સુનિલને ઈજા થઈ હતી. તે દરમિયાન ટ્રાફિક જવાન પંકજ જાદવે ૧૦૮ને ફોન કરતા ૧૦૮ એમ્બ્યુલન્સ સ્થળ ઉપર આવવામાં ૨૫ મિનિટ લાગશે તેવું કહેતા ટેમ્પો ચાલકે તેના માલિકને ફોન કરતા તે તેની કારમાં સુનિલને હરિયા હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયો હતો. જ્યાં સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું હતું. વાપી જીઆઈડીસી પોલીસે ટ્રાફિક જવાન પંકજ જાદવની ફરિયાદને આધારે ટેમ્પો ચાલક ઓઝર કપરાડા ગામના ગુલાબ જગલાભાઈ થોરાત સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

**CHANGE OF NAME**

I have changed my old Name from Shilaben Chandrakant Bhavsar to my new Name Savitaben Chandrakant Bhavsar & I will be known as my new Name which please note.

SD- Savitaben Chandrakant Bhavsar

Address: 203-A, Krishna Sagar Apt., Chhipwad Jakatnaka, Valsad-396001

## દમણમાં ઘર નંબર બાબતે પડતી તકલીફોને પગલે બ્લોક વિકાસ અધિકારીને રજૂઆત

દમણ : સંઘપ્રદેશ દમણમાં પંચાયતી વિસ્તારમાં ઘર નંબર બાબતે પડતી તકલીફોને લઈ જિલ્લા પંચાયતના સભ્યએ બ્લોક વિકાસ અધિકારીને પત્ર પાઠવી યોગ્ય ઘટતું કરવાની અરજ કરી છે. જિલ્લા પંચાયતના સભ્ય સદાનંદ મીટના દ્વારા લેખિત પત્રમાં જણાવ્યું કે, અગાઉ 2020માં દમણની તમામ ગ્રામ પંચાયતને જારી કરાયેલા એક પત્ર મુજબ જણાવવામાં આવ્યું હતું કે, પંચાયત વિસ્તારમાં મંજૂર કરવામાં આવ્યા ન હોઈ તેવા આવાસો (મકાનો)ની નોંધણી અને તેનો ઘર નંબર આપવો નહીં. પરંતુ જે પરિવારમાં મા-બાપના નામે ઘર હોઈ જેનો ઘર નંબર એક જ હોઈ અને તે મકાન પર વારસદાર બીજું ઘર બનાવે ત્યારે તેને જોઈતી વીજળી અને પાણી કનેક્શન બાબતે પંચાયતમાં નોંધણી ન થઈ હોવાને લઈ અને ઘર નંબરના તથા જરૂરી રસીદના અભાવે તેમને અનેક સમસ્યાઓ સર્જાય રહી છે. આ સાથે જ દમણના ગ્રામીણ વિસ્તારમાં ખેતીલાયક જમીન પર પણ ઘર બનાવાયા છે. સાથે કેટલાક પરિવારોને તેમના સંબંધીઓ દ્વારા ઘર બાંધવા માટે જમીન આપી છે, પરંતુ સરકાર દ્વારા જરૂરી પરવાનગી ન અપાતા પરિવારોએ અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. ત્યારે પડી રહેલી મુશ્કેલીઓને જોતાં આ મુદ્દે જિલ્લા પંચાયતના સદસ્યએ યોગ્ય ઘટતું કરવા અને આ અંગે જરૂરી ઉકેલ લાવી નાગરિકોને લાભ પહોંચે તેવી વ્યવસ્થા ઉભી કરવા અરજ કરી છે.

Wish you Happy Diwali & New year

Hotel Sejal Inn Pvt Ltd.

Saputara, Dist. Dang, Gujarat-394720.INDIA.
M.: 09727749608 / 7043109007
Phone. : 02631-237217 / 237317 / Fax No: 02631-237417
Email: hotelsejalinn@gmail.com
info@hotelsejalinn.co.in, gmhotelsejalinn@gmail.com
Web:www.hotelsejalinn.co.in

Wish you Happy Diwali & New year
II Jay Gurudev II

Hill View Home

9909240404
(02631) 237337

Opp. Rose Garden,
B/H. Gokul Hotel, Saputara